# Prime Minister chairs high level meeting to review Operation Ganga

February 28, 2022

## પ્રધાનમંત્રી શ્રીએ ઓપરેશન ગંગાની સમીક્ષા કરવા માટે ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને પાછા લાવવા માટે ઓપરેશન ગંગા હેઠળ ચાલી રહેલા પ્રયાસોની સમીક્ષા કરવા આજે તેમની બીજી ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ત્યાંના તમામ ભારતીય નાગરિકો સલામત અને સુરક્ષિત છે તેની ખાતરી કરવા માટે સમગ્ર સરકારી તંત્ર ચોવીસ કલાક કામ કરી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ નિર્દેશ આપ્યો હતો કે ચાર વરિષ્ઠ મંત્રીઓની વિવિધ રાષ્ટ્રોમાં તેમના વિશેષ દૂત તરીકેની મુલાકાતથી સ્થળાંતરના પ્રયાસોને વેગ મળશે. તે આ બાબતને સરકાર જે પ્રાથમિકતા આપે છે તેનું પ્રતિબિંબ પાડે છે.

પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે યુક્રેનની સરહદો પર માનવીય પરિસ્થિતિનો સામનો કરવા માટે યુક્રેનને રાહત પુરવઠાનો પ્રથમ જથ્થો આવતીકાલે રવાના કરવામાં આવશે.

વિશ્વ એક પરિવાર હોવાના ભારતના સૂત્ર દ્વારા માર્ગદર્શન આપતા, પ્રધાનમંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે ભારત પડોશી દેશો અને વિકાસશીલ દેશોના એ લોકોને મદદ કરશે કે જેઓ યુક્રેનમાં ફસાયેલા છે અને તેઓ મદદ માંગી શકે છે.

નવી દિલ્હી

28 ફેબ્રુઆરી, 2022

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.